# જેમ્સ બોન્ડ અને પાણીનું ખાનગીકરણ

■ ડૉ. રાજીવ કે. ગુપ્તા



જેમ્સ બોન્ડની નવી ફિલ્મ 'કવૉન્ટમ ઑફ સોલેસ' ૧૯૯૯માં બોલિવિયામાં બનેલી વાસ્તવિક ઘટનાને ઘણી મળતી આવે છે. ફિલ્મમાં વિલન ડોમિનિક ગ્રીનના નેતૃત્વ હેઠળની કંપની ગ્રીન પ્લેનેટ પર્યાવરણના બચાવનો ડોળ કરે છે અને સીઆઈએના ટેકાથી બોલિવિયાની સરકારને ઉથલાવવામાં જનરલ મેડ્રાનોને મદદ કરે છે. આના બદલામાં ગ્રીન ઈચ્છે છે કે બોલિવિયાના ૬૦ ટકા ભાગમાં પાણીનું ખાનગીકરણ ચાલુ રાખવાના કરાર પર જનરલ મેડ્રાનો સહી કરે. ગ્રીન સ્થાનિક પોલીસ વડા કાર્લોસને લાંચ આપીને આ દુષ્ટ યોજનામાં તેની મદદ પણ મેળવે છે. જોકે જેમ્સ બોન્ડને ખબર પડી જાય છે કે ગ્રીન પ્લેનેટનો ખરો આશય ઓઈલ પર નિયંત્રણ મેળવવાનો કે પર્યાવરણની સુરક્ષા કરવાનો નથી. તેનો આશય તો બોલિવિયામાં પાણીની કૃત્રિમ અછત ઊભી કરવાનો અને એના દ્વારા પાણીના ખાનગીકરણની સેવાઓને નિયંત્રિત કરીને જંગી નફો રળવાનો છે. બોન્ડની દરેક ફિલ્મોમાં બને છે તેમ આ ફિલ્મમાં પણ બોન્ડ અંતે આખી યોજનાને ઊંધી વાળે છે અને ડોમિનિક ગ્રીનને બોલિવિયાના રણમાં પાણી માટે તરસતો છોડી દે છે. અંતે ડોમિનિક ગ્રીન ઓઈલ પીને મરી જાય છે.

વાસ્તવિક ઘટના કંઈક આવી હતી. વર્લ્ડ બૅન્કના વર્ષોના પ્રત્યક્ષ દબાણને તાબે થઈને બોલિવિયાના પ્રમુખ બેન્ઝરની સરકારે ૧૯૯૯માં બિક્ટેલ કોર્પોરેશન (ફિલ્મમાં ગ્રીન પ્લેનેટ)ની સબસિડીયરી કંપની સાથે ૪૦ વર્ષનો લીઝ કરાર કરીને દેશના ત્રીજા સૌથી મોટા શહેર કોચાબામ્બાની જાહેર જળ સિસ્ટમનું ખાનગીકરણ કર્યું હતું. ટૂંક સમયમાં જ પાણીની કિંમત આસમાને પહોંચી હતી અને મહિને ૧૦૦ ડૉલરની આવક ધરાવતા પરિવારે માત્ર પાણી માટે મહિને ૨૦ ડૉલર ચૂકવવા પડ્યા હતા. આની સામે દેશભરમાં દેખાવો થયા હતા. બોલિવિયાના લાખો લોકો મઝદૂર નેતા ઑસ્કાર ઓલિવિએરાના નેતૃત્વ હેઠળ સંગઠિત થયા હતા. પ્રમુખ બેન્ઝરે માર્શલ લૉ જાહેર કર્યો હતો, જેના પરિણામે નાગરિક અધિકારોનું અભૂતપૂર્વ હનન થયું હતું અને દેખાવકારોની હત્યા થઈ હતી. દેખાવકારોએ કોચાબામ્બા જાહેરનામું જારી કર્યું હતું, જેમાં બધા નાગરિકો માટે 'સાર્વત્રિક પાણી અધિકારો'નું રક્ષણ કરવા જણાવાયું હતું. ઑસ્કાર ઓલિવિએરાના નેતૃત્વ હેઠળનું જનઆંદોલન અંતે ૨૦૦૦માં સફળ થયું હતું, જ્યારે બિક્ટેલ કોર્પોરેશનને બોલિવિયા છોડવાની ફરજ પડાઈ હતી અને સરકારે ઝૂકી જઈને જળ ખાનગીકરણ કાયદો પાછો ખેંચી લીધો હતો. ઑસ્કાર ઓલિવિએરાએ જે કામ (બિક્ટેલ કોર્પો.ને હટાવવાનું કામ) જનઆંદોલન દ્વારા કર્યું તે કામ ફિલ્મમાં જેમ્સ બોન્ડ તેના સાહસો દ્વારા કરે છે અને જળ ખાનગીકરણ કંપની ગ્રીન પ્લેનેટને ભગાડે છે.

■ કરંટ ટૉપિક



વર્લ્ડ બૅન્ક, આઈએમએફ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાણીના ખાનગીકરણ અને વસ્તુકરણની જોરદાર હિમાયત કરે છે. બોલિવિયા, ચીલી, આર્જેન્ટિના, ભારત, તુર્કી, ફિલિપાઈન્સ વગેરે જેવા દેશોમાં આવા પ્રયોગો કરાયા છે, જેને મિશ્ર પ્રતિભાવ મળ્યો છે. પાણીના ખાનગીકરણથી સેવાઓ વધુ સારી મળશે, પાણીની ગુણવત્તા સુધરશે, વિશ્વસનીયતા વધશે અને વધુ લોકોને પાણી મળશે તેવા આધારે પાણીના ખાનગીકરણની હિમાયત કરાય છે, પરંતુ તેના કટ્ટર વિરોધીઓ ભારપૂર્વક કહે છે કે જળ અધિકારો કુદરતી અધિકારો છે અને તેઓ પાણીને એક વસ્તુ તરીકે વેચવાનો વિરોધ કરે છે. આ ચર્ચાનો હજી સુધી કોઈ નિવેડો આવ્યો નથી, પરંતુ બોન્ડ ફિલ્મને કારણે વિશ્વનું ધ્યાન ફરી એક વખત બોલિવિયાના નિષ્ફળ પ્રયોગ પર કેન્દ્રિત થયું છે. ફિલ્મની કહાણી બોલિવિયાની વાસ્તવિક ઘટના સાથે મળતી આવે છે, પરંતુ મહદ્અંશે કોઈના ધ્યાન પર આ હકીકત આવી નથી, કારણ કે જેઓ (જળનિષ્ણાતો) આ વિશે જાણે છે તેઓ સામાન્ય રીતે બોન્ડ ફિલ્મો જોતા નથી અને જેઓ બોન્ડ ફિલ્મો જુએ છે તે પૈકીના મોટા ભાગના લોકોને પાણીની દુનિયા, સૉરી 'વ્યવસાય' સાથે કોઈ લેવા-દેવા હોતી નથી.

*(લેખક ગુજરાત સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગમાં સચિવ છે)*